## શ્રી સી. એન. પી.એફ. આર્ટ્સ એન્ડ ડી.એન. સાયન્સ કોલેજ, ડભોઇ.

### પ્રશ્ન બેન્ક

## ગુજરાતી CC 311

### અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

**પ્રો. સી.જે. થોરાત**

૧. ગાંધીયુગના ક્યાં કવિને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ અપાયું છે?
(૧.ઉમાશંકર જોષી,૨. રા.વિ.પાઠક,૩. ઝવેરચંદ મેઘાણી,૪. સુન્દરમ્)

૨. "હું માનવી માનવ થાઉં તો ઘણું" કાવ્યપંક્તિ કયા કવિની છે?
(૧.ઉમાશંકર જોષી,૨. સુંન્દરમ્,૩. રા.વિ. પાઠક,૪. પૂજાલાલ)

૩. "વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી" કાવ્યપંક્તિના કવિનું નામ જણાવો.
(૧.પૂજાલાલ,૨. કરસનદાસ માણેક,૩. સુંન્દરમ્,૪. ઉમાશંકર જોષી)

૪. કયા કવિની કવિતાને ઉમાશંકર જોષીએ "આંખ, કાન,નાકની કવિતા"
(૧.હરિશ્ચન્દ્ર ભટ્ટ,૨. પ્રહલાદ પારેખ, ૩.કૃષ્ણલાલ શ્રીધરાણી,૪. નિરંજન ભગત)

૫. ગુજરાતી કવિતાને સવિશેષણે સૌંદર્યાભિમુખ વળાંક આપનાર કવિનું નામ આપો.
(૧.ગુલામમોહમ્મદ શેખ,૨. નિરંજન ભગત,૩. રાજેન્દ્ર શાહ,૪.પ્રહલાદ પારેખ)

૬. "આજ અંધાર ખુશબોભર્યો લાગતો" કાવ્યપંક્તિ કયા કવિની છે?
(૧.રાજેન્દ્ર શાહ,૨. નિરંજન ભગત, ૩.પ્રહલાદ પારેખ, ૪.રમેશ પારેખ)

૭. કવિ રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' કઇ સાલમાં પ્રકાશિત થયો હતો?
(૧.ઇ.સ.૧૯૫૧,૨. ઇ.સ.૧૯૬૨,૩. ઇ.સ.૧૯૭૭, ૪.ઇ.સ. ૧૯૬૭)

૮. કવિ પ્રિયકાન્ત મણિયારના પ્રથમ કાવ્યસંગ્રહનું નામ આપો.
(૧.અશબ્દ રાત્રિ, ૨.સમીપ,૩. પ્રબલ ગતિ,૪. પ્રતીક)

૯. સુપ્રસિદ્ધ સોનેટ 'વળાવી બા આવી' કયા કવિની રચના છે?
(૧.નિરંજન ભગત, ૨.ચન્દ્રકાન્ત શેઠ,૩. રાજેન્દ્ર શાહ,૪. ઉશનસ્)

૧૦. ગુજરાતી સાહિત્યમાં આધુનિક્તાનો પ્રબળ આવિર્ભાવ કયા કવિ દ્વારા થાય છે?
(૧.ગુલામમોહમ્મદ શેખ,૨. સુરેશ જોષી,૩. સિતાંશુ યશશ્ચંદ્ર,૪. લાભશંકર ઠાકર)

૧૧. મૃણાલ- કાવ્યો આપનાર કવિનું નામ શું છે?
(૧.મનોજ ખંડેરિયા, ૨.રમેશ પારેખ,૩. યશવંત ત્રિવેદી,૪. સુરેશ જોષી)

૧૨. નીચેનામાંથી કયા કવિની કવિતામાં "આદિમતાના આવેગ સાથે જિજીવિષા" પ્રગટી છે?
(૧.સુરેશ જોષી,૨. લાભશંકર ઠાકર,૩. રાવજી પટેલ,૪. હસમુખ પાઠક)

૧૩. રાજીવ પટેલના કાવ્યસંગ્રહનું નામ જણાવો.
(૧.અથવા, ૨.તમે,૩. અંગત, ૪.રાનેરી)

૧૪. "ગોરમાને પાંચે આંગળિયે પૂજ્યાં..." ગીતમાં કવિનું નામ જણાવો.
(૧.અનિલ જોષી, ૨.રમેશ પારેખ,૩. વિનોદ જોષી,૪. લાલજી કાનપરિયા)

૧૫. 'પોસ્ટઓફિસ' વાર્તામાં અલી ડોસાની પુત્રીનું નામ શું છે?
(૧.શબુ,૨. મરિયમ, ૩.ખેમી,૪. લક્ષ્મી)

૧૬. 'જન્મભૂમીનો ત્યાગ' વાર્તામાં મુખ્ય પાત્રનો વ્યવસાય કયો છે?

(૧.ખેતી,૨. પશુપાલન,૩. પખાલી,૪. મોચીકામ)

૧૭. સુન્દરમ્‌ની કઇ વાર્તામાં રોગિષ્ઠ, કામુક, વૃદ્ધ પતિને પરણેલી યુવતીની “મધુરજનીનો” પ્રસંગ કેન્દ્રમાં છે.
(૧.નાગરિકા,૨. નારસિંહ,૩. ખોલકી, ૪.મીનપિયાસી)

૧૮. ‘માને ખોળે’ વાર્તામાં કઇ બાબત શબુના મૃત્યુનું કારણ બને છે?
(૧.શબૂની આળસ,૨. શબૂનું સગર્ભા હોવું,૩. શબુનો વતનપ્રેમ,૪. શબૂનો ગુસ્સો)

૧૯. ‘વાત્રકને કાંઠે’ વાર્તા કયા વાર્તાકારની છે?
(૧.ચુનીલાલ મડિયા,૨. પન્નાલાલ પટેલ, ૩.ઇશ્વર પેટલીકર,૪. પીતાંબર પટેલ)

૨૦. ‘લોહીની સગાઇ’ વાર્તાસંગ્રહ કોણે આપ્યો છે?
(૧.પન્નાલાલ પટેલ,૨. ઇશ્વર પેટલીકર,૩. ઉમાશંકર જોષી,૪. સુન્દરમ્)

૨૧. ગુજરાતી ટુંકી વાર્તામાં આધુનિકતાનો ઉન્મેષ પ્રગટાવતો સ્પષ્ટ વળાંક સૌ પ્રથમ કયા વાર્તાસમગ્રમાં જોવા મળે છે.
(૧.ગૃહપ્રવેશ,૨. એક સાંજની મુલાકત,૩. ઘૂઘવતાં પૂર,૪. બાંશી નામની એક છોકરી)

૨૨. ‘નકલંક’ વાર્તાસંગ્રહના લેખનું નામ જણાવો.
(૧.મોહન પરમાર,૨. હરીશ મંગલમ્,૩. ધરમાબાઇ શ્રીમાળી,૪. દશરથ પરમાર)

૨૩. વિજય શાસ્ત્રીના વાર્તાસંગ્રહનું નામ જણાવો.
(૧.ઇત્યાદિ, ૨.હોલારવ,૩. ખતવણી,૪. એક નામે સુજાતા)

૨૪. ‘અંધારી ગલીમાં સફેદ ટપકાં’ વાર્તાસંગ્રહ કયા વાર્તાકારનો છે?
(૧.ધીરુબહેન પટેલ,૨. હિમાંશી શેલત,૩. ઇલા આરબ મહેતા,૪. વર્ષા અડાલજા)

૨૫. ‘તિરાડ’ વાર્તસંગ્રહ કયા વાર્તાકારનો છે?
(૧. મોહન પરમાર, ૨.ધરમાભાઇ શ્રીમાળી, ૩.હરીશ મંગલમ્, ૪.દલપત ચૌહાણ)

૨૬. મૃણાલ-મુંજની પ્રણયકથા કનૈયાલાલ મુનશીની કઇ ઐતિહાસીક નવલકથામાં નિરૂપાઇ છે?
(૧.પાટણની પ્રભુતા,૨. જય સોમનાથ,૩. ગુજરાતનો નાથ,૪. પૃથ્થવી વલ્લભ)

૨૭. ‘યુગમૂર્તિ વાર્તાકાર’ નું બિરૂદ પામેલા નવલકથાકારનું નામ જણાવો.
(૧.ઝવેરચંદ મેઘાણી,૨. કનૈયાલાલ મુનશી, ૩.રમણલાલ વ. દેસાઇ, ૪.ધૂમકેતુ)

૨૮. કાળુ-રાજુના આગળ વધતા સંસારની કથા પન્નાલાલની કઇ નવલકથામાં કહેવાઇ છે?
(૧.ભાંગ્યાના ભેરુ,૨. ઘમ્મર વલોણું,૩. વાળામણાં,૪. મળેલા જીવ)

૨૯. કાનજી અને જીવી એ પન્નાલાલ પટેલની કઇ નવલકથાનું પાત્ર યુગ્મ છે?
(૧.માનવીની ભવાઇ, ૨.વળામણાં,૩. ભાગ્યાના ભેરુ,૪. મળેલા જીવ)

૩૦. પન્નલાલ પટેલની કઇ નવલકથામાં છપ્પનિયા દુકાળનું દારુણ ચિત્ર નિરૂપાયું છે?
(૧.મળેલા જીવ,૨. માનવીની ભવાઇ,૩. ભાગ્યાના ભેરુ, ૪.ઘમ્મર વલોણું)

૩૧. નીચેનામાંથી કયું પાત્રયુગ્મ ઇશ્વર પેટલીકરની ‘જનમટીપ’ નવલકથાનું છે?
(૧.કાળુ-રાજુ,૨. ચંદા-ભીમો,૩. કાનજી-જીવી, ૪.રૂપા-વીરાજી)

૩૨. ભાલ-નળકાંઠાના ગ્રામચિત્રો કયા લેખકની નવલકથાઓમાં ઝિલાયાં છે?
(૧.પીતાંબર પટેલ,૨. પન્નાલાલ પટેલ,૩. પુષ્કર ચંદરવાકર,૪. ઇશ્વર પેટલીકર)

૩૩. રાજીવ પટેલની નવલકથા ‘અશ્રુઘર’ ના નાયકનું નામ જણાવો
(૧.સત્ય,૨. નિષાદ, ૩.નીલકંઠ, ૪.અનિકેત)

૩૪. ‘સમયદ્વીપ’ લઘુનવલના લેખકનું નામ જણાવો.

(૧.રાધેશ્યામ શર્મા,૨. ભગવતીકુમાર શર્મા,૩. મધુરાય,૪. રઘુવીર ચૌધરી)

૩૫. નીચેના પૈકી સરોજ પાઠકની નવલકથા કઇ છે?
(૧.અણસાર,૨. વડવાનલ,૩. નાઇટમેર,૪. થીજેલો આકાર)

૩૬. 'સાત પગલા આકાશમાં' નવલકથાનાં લેખિકાનું નામ જણાવો.
(૧.કુંદનિકા કાપડિયા,૨. ધીરુબહેન પટેલ,૩. સરોજ પાઠક,૪. સુવર્ણા)

૩૭. લઘુનવલ 'અસ્તી'ના લેખકનું નામ જણાવો.
(૧.ભગવતીકુમાર શર્મા,૨. યોગેશ જોષી,૩. રાધેશ્યામ શર્મા,૪. શ્રીકાન્ત શાહ)

૩૮. પોતાની કઇ નવલકથાને સુરેશ જોષીએ 'લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો' કહીને ઓળખાવી છે?
(૧.મરણોત્તર,૨. પેરેલિસિસ,૩. પૂર્વરાગ, ૪.ચહેરા)

૩૯. 'ચહેરા' નવલકથાના લેખક કોણ છે?
(૧.કિશોર જાદવ,૨. ચંદ્રકાંત બક્ષી,૩. મુકુન્દ પરીખ, ૪.મધુરાય)

૪૦. રાવજી પટેલની કઇ નવલકથાની નાયિકાનું નામ લલિતા છે?
(૧.અશ્રુઘર,૨. અમૃતા,૩. મરણોત્તર,૪. ઝંઝા)

૪૧. રાષ્ટ્રીય સ્તરે પુરસ્કૃત થયેલી જોસેફ મેકવાનની નવલકથા કઇ છે?
(૧.મનખાની મિરાત,૨. લક્ષ્મણની અગ્નિપરીક્ષા,૩. આંગળિયાત,૪. મારી પરણેતર)

૪૨. 'સમુદ્રાન્તિકે' નવલકથાના લેખકનું નામ જણાવો.
(૧.અશોકપુરી ગોસ્વામી,૨. રવીન્દ્ર પારેખ,૩. રમેશ દવે,૪. ધ્રુવ ભટ્ટ)

૪૩. વણકર સમાજની સમસ્યાોનું આલેખન મોહન પરમારની કઇ નવલકથામાં થયું છે?
(૧.ભેખડ,૨. કાલગ્રસ્ત,૩. પ્રાપ્તિ,૪. પ્રિયતમા)

૪૪. 'આગગાડી' અને 'ધરાગુર્જરી' નાટયકૃતિઓના લેખકનું નામ જણાવો.
(૧.ચં.ચી.મહેતા,૨. ધનસુખલાલ મહેતા,૩. જયંતી દલાલ, ૪.કનૈયાલાલ મુનશી)

૪૫. 'સપના ભારા' એકાંકીસંગ્રહ કયા સાહિત્યકાર પાસેથી પ્રાપ્ત થયો છે?
(૧.કૃષ્ણલાલ શ્રીધરાણી,૨. ઉમાશંકર જોષી,૩. યશવંત પંડયા,૪. કનૈયાલાલ, મુનશી)

૪૬. 'સોયનું નાકું' નાટકના લેખકનું નામ જણાવો.
(૧.જયંતી દલાલ,૨. જ્યોતીન્દ્ર દવે,૩. ચં.ચી.મહેતા,૪. ૨.વ.દેસાઇ)

૪૭. 'પેન્સિલની કબર અને મીણબત્તી' નાટકના લેખક કોણ છે?
(૧.આદિલ મન્સૂરી,૨. ચિનુ મોદી, ૩.સુભાષ શાહ ૪. સિતાંશુ યશશ્ચદ્ર)

૪૮. 'બાથટબમાં માછલી' એકાંકીસંગ્રહના લેખક કોણે છે?
(૧.લાભશંકર ઠાકર,૨. મધુરાય ,૩. રમેશ શાહ,૪. શ્રી કાન્ત શાહ)

૪૯. લાભશંકર ઠાકર અને સુભાષ શાહ દ્વારા અનુસર્જિત ત્રિઅંકી નાટકનું નામ જણાવો.
(૧.નો પાર્કિંગ,૨. ઝેરવું,૩. એક ઊંદર અને જદુનાથ,૪. હુકમ માલિક)

૫૦. 'તીરાડ અને બીજા એકાંકીઅ' સગ્રહ કોણે આપ્યો છે?
(૧.શ્રીકાંત શાહ,૨. સુભાષ શાહ,૩. સિતાંશુ યશશ્ચંદ્ર,૪. મુકુન્દ પરીખ)

Shri C.N.P.F. Arts & D.N.Science College, Dabhoi.

Gujarati Dapartment

Core CC. 312

Sem VI (ભાષા વિજ્ઞાન)

પ્રો. લતાબેન એન.પટેલ

- **ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.**

૧. ગુજરાતીનો ઉદ્દભવ પહેલી ભૂમિકા (પ્રાચીન ગુજરાતી)નો સમયગાળો દર્શાવો.
૨. અપભ્રંશોત્તર ભૂમિકાના મહત્વનાં લક્ષણો કઇ સદીમાં જોવા મળે છે?
૩. ગુજરાતીનો ઉદ્દભવ પહેલી ભૂમિકા (પ્રાચીન ગુજરાતી)ને ઉમાંશંકર જોષીએ કયું નામ આપ્યું છે?
૪. સંયુક્ત વ્યંજનો, એકવડાં બને છે અને પહેલાંનો સ્વર દીર્ઘ બને છે એ કઇ ભાષા ભૂમિકામાં થાય છે?
૫. અંત્ય 'ઉ'કારનો 'અ' કાર કઇ ભાષા ભૂમિકામાં થાય છે?
૬. રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દોનું પ્રમાણ કઇ ભાષા ભૂમિકામાં વધે છે ?
૭. ગુજરાતી ભાષાનો વિકાસ બીજી ભૂમિકા-મધ્યકાલીન ગુજરાતીનો સમયગાળો ક્યો છે?
૮. 'અઇ' અને 'અઉ' સ્વરયુગ્મોનું પરિવર્તન કઇ ભાષા ભૂમિકામાં થાય છે.
૯. સંસ્કૃત તત્સમ શબ્દોનો વપરાશ કઇ ભાષા ભૂમિકામાં વધે છે
૧૦. ગુજરાતીનો વિકાસ ત્રીજી ભૂમિકા અર્વાચીન ગુજરાતી નો સમયગાળો દર્શાવો
૧૧. બહુવચનનો 'ઓ' પ્રત્યય કઇ ભાષા ભૂમિકામાં પ્રચારમાં આવે છે.
૧૨. માન્ય ગુજરાતીના અર્થભેદક બનતા મુખ્ય કેટલા સ્વરો છે?
૧૩. મૂળ અંગની પાછળ લાગતા પ્રત્યયને શું કહેવાય?
૧૪. તત્તસમ્ શબ્દો કોને કહેવાય?
૧૫. ટીકીટ, બટાકા, જિલ્લો શબ્દમાંથી અરબી-ફારસી શબ્દ શોધો.
૧૬. 'હું તો જઇશ'વાક્યમાં નિપાત શોધો.
૧૭. સમાસના પ્રકાર કેટલા છે?
૧૮. સમાસ એટલે શું?
૧૯. સંયોજકો કોને કહેવાય?
૨૦. રવાનુકારી એટલે શું?

- **ખરાં ખોટાં વિધાન શોધો.**

૧. 'કુ' સંસ્કૃત અંગસાધક પૂર્વ પ્રત્યય છે. ( )
૨. 'ગેર' ફારસી પુર્વ પ્રત્યય નથી. ( )
૩. 'ભલાઇ'નો 'આઇ'એ પૂર્વ પ્રત્યય છે. ( )
૪. સ્વાર્થિક અથવા અંગવિસ્તારક પ્રત્યય એવો છે કે જે લાગે છે છતા તેના અર્થમાં કશો ફેરફાર થતો નથી. ( )
૫. ગુજરાતીમાં બે વચન છે. ( )
૬. અનાજ કે દ્રવ્ય સંજ્ઞાઓ 'ઓ' પ્રત્યય લે છે. ( )
૭. સંબોધત વિભક્તિમાં 'ઓ' પ્રત્યય આવશ્યક છે. ( )

૮. માનાર્થે બહુવચનમાં ‘ઓ’ પ્રત્યય લગાડી શકાતો નથી. ( )
૯. ક્રિયાવાચક અને ભાવવાચક સંજ્ઞાઓ બહુવચનમાં વપરાય છે. ( )
૧૦. સ્ત્રીલિંગ નાનું પરિમાણ દર્શાવે છે. ( )
૧૧. ‘શરબત’ ગુજરાતી શબ્દ છે. ( )
૧૨. ‘રજની’ બંગાળી શબ્દ છે. ( )
૧૩. ‘જી’ નિપાત આદર કે વિનય વાચક છે. ( )
૧૪. સંયોજકો વાક્યોને જોડવા માટે પ્રયોજતા નથી. ( )
૧૫. જે સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય તેને દ્વિગુ સમાસ કહેવાય છે. ( )

- **સમાસ ઓળખાવી વિગ્રહ કરો.**

૧. ગોળધાણા
૨. કર્માધીન
૩. ધર્મભ્રષ્ટ
૪. નર્મદા
૫. દહીંવડા
૬. શ્યામ શ્વેત
૭. પીતાંબર
૮. ખટરસ
૯. યખશક્તિ
૧૦. ખુશ્બુ

- **પ્રત્યય ઓળખાવી અર્થ આપો**

૧. દુર્ગુણ
૨. સપૂત
૩. બેઈમાન
૪. ભારતીય
૫. વાચન

## શ્રી સી.એન.પી.એફ.આર્ટ્સ એન્ડ ડી.એન. સાયન્સ કોલેજ, ડભોઇ.

### પ્રશ્ન બેન્ક

## ગુજરાતી C.C. 313

### સાહિત્ય વિવેચનના સિધ્ધાતો

**પ્રો.સી.જે.થોરાત**

૧. શબ્દ શક્તિના પ્રકાર જણાવો?
૨. અભિધાના કેટલા પ્રકાર છે?
૩. શુધ્ધા લક્ષણાના કેટલા પ્રકાર છે?
૪. ગૌણીલક્ષણાના કેટલા પ્રકાર છે?
૫. અનુકરણ એટલે શું?
૬. પ્લેટો કેવા પ્રકારના તત્વચિંતક છે?
૭. અનુકરણનો અર્થ જણાવો.
૮. અનુકરન એટલે કોઇ પણ પદાર્થને ................ નિપજાવવું
૯. એરિસ્ટોલ-પ્લેટો........................ હતા.
૧૦. એરિસ્ટોલ વાસ્તવમાં પ્લેટો ............ હતા.
૧૧. પ્રસ્તુંતનું અપ્રસ્તુંત કરવું .................. કહેવાય.
૧૨. “તુ સાવ ઢોર જેવો છે.” તેમા માનવીની લક્ષણ ........... છે.
૧૩. પ્રતિકને અંગ્રેજી શબ્દ કયો છે?
૧૪. પ્રતિક કવિની વ્યકત કરવાનું માધ્યમ ............. છે.
૧૫. કલ્પના માટે અંગ્રેજી શબ્દ .............. પ્રયોજાય છે.
૧૬. છંદનો કયા સહિત્ય પ્રકાર સાથે સંબંધ છે?
૧૭. પુરાકલ્પનને અંગ્રેજીમાં ................ કહેવાય છે.
૧૮. પુરાકલ્પનને આધારે ચિનુમોદીએ .................. કાવ્ય સંગ્રહ આપ્યો.
૧૯. નકલ કરવી .............. કહેવાય છે.
૨૦. નાટકકલા .......... છે.
૨૧. નાટકએ દશ્યની .................. કલા છે.
૨૨. નાટકના ઘટક તત્વો કેટલા છે?
૨૩. નાટકમામ મહત્વનું તત્વ કયું છે?
૨૪. નવલકલથાને અંગ્રેજીમાં શું કહે છે?
૨૫. નવલકથાની વ્યાખ્યા આપો.
૨૬. નવલકથાની અંગ્રેજીમાં વ્યાખ્યા આપો.
૨૭. ટુંકી વાર્તાની ગુજરાતીમાં વ્યાખ્યા આપો.
૨૮. ટુંકીવાર્તાએ નવલકથા કરતા કેવી હોઇ છે?

૨૯. ટુંકીવાર્તાના ઘટકતત્વો કેટલા હોઇ છે?
૩૦. ટુંકીવાર્તામા ઓછામાં ઓછા કેટલાપાત્ર હોઇ છે.
૩૧. ટુંકીવાર્ત જીવનના કેટલા વૃતાત્તનું આલેખન હોઇ છે?
૩૨. સોનેટના કેટલા પ્રકાર હોઇ છે?
૩૩. સોનેટમાં કેટલી પંક્તિ હોઇ છે?
૩૪. સોનેટની અંતિમ બે પંકિતમાં શું હોય છે?
૩૫. દુન્યવી પ્રેમને વ્યકત કરતી ગઝલને શું કહેવાય છે?
૩૬. આધાત્યામિક પ્રેમને ગઝલને શું કહેવાય છે?
૩૭. ગઝલમાં ચુસ્ત વ્યવસ્થા શું હોય છે?
૩૮. હાસ્યને મનોરંજને તાકતી હોઇ તે કૃતિને શું કહેવાય છે?
૩૯. ગઝલના પ્રથમ પ્રાસાત્મક શેરને શું કહેવાય છે?
૪૦. ગઝલના અંતિમ શેરને શું કહેવાય છે?
૪૧. ખંડકાવ્ય એટલે મહાકાવ્ય કરતા નાનું અને આખ્યાન કાવ્ય કરતા શું હોઇ છે?
૪૨. ખંડકાવ્યમાં સમગ્ર જીવનનું શું હોઇ છે?
૪૩. ગુજરાતી ખંડકાવ્યમાં શું આલેખન હોઇ છે?
૪૪. પ્રત્યાયન એટલે શું?
૪૫. વિવેચનના પ્રકાર અટલે શું?
૪૬. વિવેચનને અંગ્રેજીમાં શું કહેવાય છે?
૪૭. વિવેચક અને સર્જક વચ્ચે શું ભેદ હોઇ છે?
૪૮. ઐતિહાસિક વિષયક વિવેચનને શું કહેવાય છે?
૪૯. બે ભાષા ને જોડીને વિવેચન કરવું અને શું કહેવાય છે?
૫૦. વર્ણન કરીને વિવેચન કરવું અને ક્યું વિવેચન કહેવાય છે?

Shri C.N.P.F. Arts & D.N.Science College, Dabhoi.

Gujarati Dapartment

Core CC. 314/A

Sem VI (આપણાં ખંડકાવ્યો)

પ્રો. લતાબેન એન.પટેલ

- **ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.**

૧. ખંડ-કાવ્ય કોને કહેવાય?
૨. ખંડકાવ્યનો પ્રારંભ કોણે કર્યો?
૩. આચાર્ય રુદ્રટે ખંડકાવ્યને કયુ નામ આપ્યું છે?
૪. સંસ્કૃત સાહિત્યમાં કોણે ખંડકાવ્ય આપ્યાં છે?
૫. કાલિદાસે આપેલાં ખંડકાવ્યોના નામ આપો.
૬. 'પૂર્વાલાપ'માં કવિ કાન્તે કેટલા ખંડકાવ્યો આપ્યાં છે?
૭. કવિ કાન્તના ઉત્તમ ખંડકાવ્યના નામ આપો.
૮. કાન્ત પછી કયા સર્જકે ખંડકાવ્યો રચ્યા?
૯. નરસિંહરાવ દિવેટીયાએ રચેલા ખંડકાવ્યના નામ જણાવો.
૧૦. પંડિતયુગમાં કયા કવિઓએ ખંડકાવ્યો આપ્યા છે?
૧૧. કવિ કલાપીના ખંડકાવ્યનાં નામ આપો.
૧૨. ગાંધીયુગના કયા સર્જકોએ ખંડકાવ્યો આપ્યા છે?
૧૩. કવિ બોટાદકરના કાવ્યનું નામ આપો
૧૪. 'સ્વરાજ રક્ષક' કયા કવિનું કાવ્ય છે?
૧૫. નર્મદશંકર ભટ્ટનું કયું નોંધપાત્ર ખંડકાવ્ય છે?
૧૬. 'દશરથનો અંતકાળ' કેટલી પંક્તિનું કાવ્ય છે?
૧૭. 'વિશ્વશાંતિ' ખંડકાવ્યના રચયિતા ઉમાશંકર જોષી કયા યુગના કવિ છે?
૧૮. 'જ્યોતિ રેખા' કયા સર્જકોનો ખંડકાવ્યોનો સંગ્રહ છે?
૧૯. મનસુખલાલ ઝવેરીએ કયા બે ખંડકાવ્યો આપ્યા છે?
૨૦. 'અભિસાર' કાવ્યનો અનુવાદ કયા કવિએ કર્યો છે?
૨૧. ચિનુ મોદીએ કયુ ખંડકાવ્ય લખ્યું છે?
૨૨. છઠ્ઠા-સાતમાં દાયકામાં ખંડકાવ્યો આપનાર કવિઓના નામ આપો.
૨૩. વિનોદ જોષીએ કયુ ખંડકાવ્ય આપ્યું છે?
૨૪. 'વસંત વિજય' કાવ્યનું કથાવસ્તુ શેમાંથી લેવામાં આવ્યું છે?
૨૫. "પ્રણયની પણ તૃપ્તિ થતી નથી, પ્રણયની અભિલાષ જતી નથી." આ પંકિત કયા કાવ્યની છે?
૨૬. કાન્તના કાવ્યમાંકોની વચ્ચેનો સંઘર્ષ નિરૂપાયો છે?
૨૭. 'વસંતવિજય'નું મુખ્યપાત્ર કયું છે?
૨૮. રામાયણ પર આધારિત ખંડકાવ્યનું નામ આપો.
૨૯. 'સ્વરાજ રક્ષક' કાવ્યમાં કયા ગુરુના જીવન પ્રસંગનું આલેખન થયું છે?

૩૦. ‘સારસી’ કયા કવિનું કાવ્ય છે?

➢ **નીચેના વિધાનો સાચા છે કે ખોટાં તારવો.**

૧. સાહિત્ય સ્વરૂપ તરીકે ખંડકાવ્ય એક બાજુ મહાકાવ્ય અને આખ્યાન કાવ્ય અને બીજી બાજુ ઊર્મિકાવ્ય અને સોનેટની વચ્ચે બેસે એવો કાવ્ય પ્રકાર છે. ( )

૨. ખંડકાવ્યનું હાડ કોઇ એક વૃતાંત કે પ્રસંગથી બંધાય છે ( )

૩. ખંડકાવ્યોમાં જીવનની નિર્ણાયક પળનું આલેખન થયું હોય છે? ( )

૪. ચક્રવાક મિથુન કાવ્યમાં પ્રણયજીવનની કરુણતા દર્શાવી છે ( )

૫. ખંડકાવ્યમાં સૂચક આરંભ અને સચોટ અંત અને લક્ષ્યગામિતા જોવા મળે છે ( )

૬. ખંડકાવ્યના સંવિધાનમાં વૃત્ત વૈવિધ્યનું છંદનું મહત્વ નથી. ( )

૭. લાગણીની પ્રબળતા અને ઉદાત્તતા ખંડકાવ્યનું વ્યાવર્તક લક્ષણ છે ( )

૮. એકાંકીની જેમ ખંડકાવ્યમાં પણ સંઘર્ષ નિરૂપાય છે ( )

૯. વસંતવિજય એ કાન્તનું ઉત્તમ ખંડકાવ્ય છે. ( )

૧૦. કલાપી એ મૃગતૃષ્ણા કાવ્ય લાખ્યું છે ( )

૧૧. કાન્ત અને કલાપીના ખંડકાવ્યમાં પ્રકૃતિનું નિરૂપણ જોવા મળે છે. ( )

૧૨. ‘ચિત્રવિલોપન’ નરહિરાવ દિવેટીયાનું કાવ્ય છે ( )

૧૩. શિખંડી કાવ્ય ચિનુમોદીએ આપ્યું છે? ( )

૧૪. કાન્ત ખંડકાવ્યોમાં પ્રકૃતિનો એક પાત્ર તરીકે કાવ્યના અનિવાર્ય ઘટકતત્વ તરીકે વિનિયોગ કરે છે. ( )

૧૫. પૂર્વાલાપમાં કાન્તે સાત ખંડકાવ્યો ગ્રંથસ્થ કર્યા છે. ( )

૧૬. “પૂછે રોગી મુજ પતિતની પાસ ઓ આવનારા” પંક્તિ ‘અતિજ્ઞાન’ કાવ્યની છે ( )

૧૭. ગુજરાતી ખંડકાવ્યોમાં મહદઅંશે પૌરાણિક ખ્યાત પાત્રોનું આલેખન થયું છે. ( )

૧૮. ‘ગ્રામ્યમાતા’ કાવ્યમાં પ્રકૃતિનું સુંદર આલેખન થયું છે. ( )

૧૯. ખંડકાવ્યમાં પલટાતા ભાવને અનુરૂપ પલટાતા છંદ યોજાતા નથી. ( )

૨૦. ‘વિશ્વામિત્ર’ કાવ્ય પ્રજારામ રાવળે લખ્યું છે. ( )

Shri C.N.P.F. Arts & D.N.Science College, Dabhoi.

Gujarati Dapartment

Core CC. 315/B

Sem VI ('સત્યના પ્રયોગો')

પ્રો. લતાબેન એન.પટેલ

- **ટૂંકા પ્રશ્નોના જવાબ આપો.**

૧. આત્મકથાનું સ્વરૂપ સૌપ્રથમ કયાં વિકસ્યું?
૨. ઓટોબાયોગ્રાફી શબ્દ સૌપ્રથમ કોણે અને કઇ સાલમાં પ્રયોજ્યો?
૩. ઓટોબાયોગ્રાફી શબ્દનાં મૂળ કઇ ભાષામાં છે?
૪. જ્હોન સ્ટુઅર્ટ મીલની આત્મકથાનું નામ કયું છે? અને કઇ સાલમાં લખાઇ?
૫. ટોલ્સટોયના મતે આત્મકથાનો નાયક કોણ છે?
૬. 'ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પણ સત્યનો જય થાઓ' આ વિધાન કોનું છે?
૭. આત્મકથા કઇ પધ્ધતિએ લખાય છે?
૮. અમૃતા પ્રીતમની આત્મકથાનું નામ આપો.
૯. ગુજરાતી સાહિત્યમાં આત્મકથા લેખનની શરૂઆત કયા યુગથી થાય છે?
૧૦. ગુજરાતી સાહિત્યની પહેલી આત્મકથા કઇ છે? અને કોણે લખી છે?
૧૧. ગાંધીજી કૃત 'સત્યના પ્રયોગો' કઇ સાલમાં મળે છે?
૧૨. ચંદ્રવદન મહેતાની દીર્ઘ આત્મકથાનું આપો.
૧૩. ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથાનું નામ શું છે?
૧૪. 'વનાંચલ' કોની આત્મકથા છે?
૧૫. જયશકર સુંદરી રચિત આત્મકથા કઇ છે?
૧૬. 'બક્ષીનામા' આત્મકથા કઇ સાલમાં લખાઇ છે?
૧૭. ઉશનસે કઇ આત્મકથા લખી છે? કયા વર્ષમાં લખાઇ છે?
૧૮. 'ધૂળમાની પગલીઓ' કયા સર્જકે આપી છે?
૧૯. મુનશીની આત્મકથાનું નામ આપો
૨૦. 'જીવનપંથ' 'જીવનરંગ' અને 'જીવનકથા' આત્મકથા કયા લેખકની છે?
૨૧. ગાંધીજીનું પુરું નામ આપો.
૨૨. ગાંધીજીનુ જન્મ સ્થળ જણાવો.
૨૩. ગાંધીજીનો જન્મ કઇ સાલમાં થયો હતો?
૨૪. ગાંધીજીના પિતા શું વ્યવસાય કરતા હતા?
૨૫. ગાંધીજીને રામનામનો જીવનમંત્ર કોની પાસેથી મળ્યો હતો?
૨૬. ગાંધીજી અભ્યાસ અર્થે કયાં ગયા?
૨૭. ગાંધીજી દ.આફ્રિકાથી ભારત પાછા ક્યારે આવ્યા?
૨૮. ગાંધીજીના કયા પુસ્તકોમાં તેમના વિચારો રજૂ કર્યા છે?
૨૯. સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કઇ સાલમાં થઈ?

૩૦. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કઇ સાલમાં થઇ?
૩૧. ગાંધીજીના ધર્મવિષયક લેખો કયા પુસ્તકમાં છે?
૩૨. ગાંધીજીને મન કર્યુ વ્રત કેન્દ્રસ્થાને છે.
૩૩. ગાંધીજીનું સાહિત્ય મુખ્યત્વે કયા ત્રણ પ્રકારે ઉદ્દભવેલું છે?
૩૪. ગાંધીજીએ ચલાવેલા સામાયિકના નામ આપો.
૩૫. ગાંધીજીને પરદેશ મોકલતા પહેલા માતાએ કઇ પ્રતિજ્ઞા લેવડાવી હતી?
૩૬. ગાંધીજીના રાજકીય ગુરુ નું નામ આપો.
૩૭. ગાંધીજીએ કોચરબ આશ્રમની સ્થાપના ક્યારે કરી?
૩૮. ગાંધીજીએ મેટ્રિકની પરીક્ષા કઇ સાલમાં આપી?
૩૯. ગાંધીજી સાહિત્ય પરિષદના કયા અધિવેશનના પ્રમુખ હતા?
૪૦. ગાંધીજીના માતાજીનું નામ આપો.
૪૧. ગાંધીજીના લગ્ન કઇ સાલમાં, કઇ ઉંમરે અને કોની સાથે થયા હતા?
૪૨. ગાંધીજીને ભારતીય જનતાની ગરીબીનો ઉપાય શેમાં જણાયો?
૪૩. ‘સત્યના પ્રયોગો’નું શ્રેષ્ઠ પ્રકરણ કયું છે?
૪૪. ગાંધીયુગના બે આત્મકથાકારના નામ આપો.
૪૫. ગાંધીજીનું મૃત્યુ કઇ સાલમાં અને કઇ તારીખે થયુ?

➢ **નીચેના વિધાનો ખરા છે કે ખોટાં તે દર્શાવો.**

૧. આત્મકથાને ડન -પગ-માથા-વિનાની આકૃતિ સાતે સરખાવે છે.
૨. આત્મકથાને એક સ્વાયત્ત સાહિત્ય સ્વરૂપ છે.
૩. આત્મકથામાં કલ્પનાને ઓછો અવકાશ છે.
૪. આત્મકથા પ્રથમ પુરુષ એકવચન ઉપરાંત ત્રીજા પુરુષ એકવચનમાં લખાય છે.
૫. આત્મકથા એના લેખકના ભૂતકાળના જીવનથી વર્તમાન જીવનસુધીનું કલાપૂર્ણ ગતિશીલ ચરિત્રચિત્રણ છે.